પાલનપુરમાંથી સિદ્ધપુરની કાંગારૂ ગેંગ હથિયારો સાથે ક્રાઈમ બ્રાન્ચે ઝડપી પાડી

મુખ્ય સૂત્રધાર સહીત આઠને બે રિવોલ્વર, જીવતા કારતુસ હથીયારો જપ્ત કરાયા

પાલનપુર, તા. ૧૨

સરહદી બનાસકાંઠા જિલ્લાના દાંતા ખાતે આજે તાલુકા પંચાયતની પેટા ચૂંટણીમાં મતદાન ચાલી રહ્યુંહતું. તે દરમ્યાન બંદોબસ્તમાં રહેલ એલ.સી.બી. (ક્રાઈમ બ્રાંચ) પો.ઈન્સ. એ.એચ. ચૌધરીને મળેલ ગુપ્ત બાતમીના આધારે બનાસકાંઠામાં જીવલેણ હથિયારો સાથે લૂંટના ઈરાદે એક ગેંગ પાલનપુર તરફ આવી રહી છે. જેને ઝડપી લેવા બ.કા. એસ.પી. ડી.બી. વાઘેલાના આદેશથી પાલનપુર શહેરના ગોબરી રોડ નવાગંજ બજાર વિસ્તારમાં ચુસ્ત નાકાબંધી કરવામાં આવેલ. દરમ્યાન બાતમીવાળી ગાડી અત્રે આવતા તેને રોકવતા પોલીસ એલ.સી.બી.ના એએસઆઈ રણજીતસિંહ, મોહનસિંહ, અમરાભાઈ, સલીમખાન, પ્રકાશભાઈ, ગણપતલાલ, રમેશસિંહ, બળવંતસિંહ, અરવીંદભાઈ, મુકેશભાઈ, દશરથભાઈ, પ્રવિણભાઈની ટીમે ઉપરોક્ત શકમંદ વાહનને કોર્ડન કરી અંદર બેઠેલાઓને બહાર લાવી તેઓની તલાશી લેતા ગેરકાયદેસર વિદેશી બનાવટની રિવોલ્વર નંગ-૨, જીવતા કારતુસ નંગ-૩૨, લોડેડ મેગજીન નંગ-૪, છરા-૩, લોખંડની પાઈપ, લાકડાનો ધોકો મળી આવેલ, આ ગેંગ જિલ્લામાં લૂંટના ઈરાદે સશસ્ત્ર હુમલો કરવા ત્રાટકવાની હતી.

(તસવીર : હરેશ જોષી, પાલનપુર)

ઝડપાયેલાઓમાં મહેબુબખાન ઉર્ફે કાંગારૂ, છોટેખાન બલોચ ઉં.વર. ૩૧ રહે. મન્નત સોસાયટી પાટણ, અલીભાઈ મુસ્લીમભાઈ મહમંદભાઈ મરેડીયા મોમીન હાલ રહે. પાટણ મુ. રહે. કાણોદર, તા. પાલનપુર, સલીમ કરીમભાઈ ઉસ્માન ખલીફા રહે. સમી, યાકુબ મુર્તુજા કાળુભાઈ સૈયદ રહે. નહેરુચોક, સમી, સમીર યાકુબહુસેન મીરજા રહે. સિન્ધી એવન્યુ સોસા. રિસાલા સર્કલ, વેજલપુર, અમદાવાદ, કૈયુમ કરીમ રહીમભાઈ સૈયદ, રહે. નહેરુચોક, સમી, સબીર કાળુભાઈ નાથાભાઈ બલોચ ઉં.વ. ૩૮, નહેરુચોક, સમી, અબ્બાસભાઈ શેહબાઝ ખાનભટ્ટી ઉં.વ.૩૦ મુ. રહે. પાડબા, સમી, જિ. પાટણ હાલ રહે. દૈયાવા, પી. રખાવતની દરગાહ પાસે છાપરા (બિહાર) તમામને ઝડપી લીધા હતા.

આ ગેંગનો મુખ્ય સૂત્રધાર મહેબુબખાન ઉર્ફે કાંગારૂ સિદ્ધપુરની માફીયા ગેંગનો મુખ્ય સાગરીત હતો. તેમ ઉપરોક્ત વિગતો આપતા એલ.સીબી. પી.આઈ. એ.એચ. ચૌધરીએ મોડી સાંજે પત્રકારોને જણાવ્યું હતું. મેડઈન યુ.એસ.એ.ની બે રિવોલ્લર, સ્કોર્પિયો ગાડી, ૧૪ મોબાઈલ ફોન સહિત કુલ ૧૦,૪૦,૭૦૦નો મુદ્દામાલ જપ્ત કરાયો હતો.

આ ગેંગના કારનામા લૂંટ, ધાડ, અપહરણ, ખંડણીને અંજામ આપે છે. ઝડપાયેલ અબ્બાસ ભટ્ટી અગાઉ ખૂન કેસમાં જેલમાં હતો. જે પેરોલ પર છે. ૨૦૧૨માં પરત જેલમાં ગયેલ નહી. તે બિહાર રહેતો ત્યાંથી હથિયારો લાવી આ ગેંગને આપતો. તથા સુરત રેલવે પોલીસ સ્ટે. ને પણ તેની સામે રૂ. ૪૫ લાખની આંગડીયા લૂંટ કેસ થયેલ છે તેમાં તે વોન્ટેડ છે.

આ તમામ આરોપીઓને એલ.સી.બી. ની ટીમે ઝડપી લીધા બાદ આઈ.પી.સી. ૩૯૯, આર્મ્સ એક્ટ ૨૫(૧) એ.એ. મુજબનો ગુનો નોંધી પૂર્વ શહેર પોલીસ સ્ટેશનના પી.આઈ.ને સોંપવામાં આવેલ છે. આ લૂંટના આરોપીઓ ઝડપાતા બનાસકાંઠા પોલીસે હાશકારો અનુભવ્યો છે.

મોડાસાની તિરુપતિ આનંદવિલા સોસાયટીમાં તસ્કરો દિવાળીની ખરીદી કરી : પલાયન

એક્ટિવા, પલ્સર અને ચાંદીની ચીજવસ્તુઓની ચોરી કરી છુ મંતર થઈ ગયા

મોડાસા, તા. ૧૨

મોડાસા શહેરમાં આવેલ તિરુપતિ આનંદવિલા સોસાયટીમાં તસ્કરોએ ચોરી કરી દિવાળીની ખરીદી ચાલુ કરી છે. બંધ મકાનમાં ત્રાટકી તસ્કરોએ મોટો હાથ ફેરો કર્યો છે. દિવાળીના તહેવાર ટાણે ચોરી થવાથી મકાન માલીકની દિવાળી બગડી છે. આ ઘટનાની જાણ પોલીસને કરતા પોલીસે અજાણ્યા તસ્કરોને પકડવા તજવીજ હાથ ધરી છે.

(તસવીર : સમીર બલોચ, મોડાસા)

સુત્રો પાસેથી મળતી માહિતી મુજબ મોડાસામાં આવેલ તિરુપતિ આનંદવિલા સોસાયટીમાં મકાન નં. ૩ માં ડૉક્ટર પરિવાર વસવાટ કરે છે.ત્યારે મોડી રાત્રે ડૉક્ટર તલોદ સરકારી દવાખાનામાં ફરજ બજાવતા હતા અને તેમના પત્નિ પિયર ગયા હતા ત્યારે બંધ મકાનમાં તસ્કર ટોળકી ત્રાટકી હતી. જેમાં ઘરમાં રહેલ તિજોરી, કબાટોને ચોર ટોળકી નિશાન બનાવી કબાટમાં મુકેલી ચાંદીની વસ્તુઓ ચોરી કરી સામાન વેર-વિખેર કરી નાખ્યો હતો. તેમજ એક્ટિવા અને બાજુના મકાનની બહાર મુકેલ પલ્સર બાઈકની ચોરી કરી છુમંતર થઈ ગયા હતા. આ ઘટનાની જાણ મકાનમાલિકને થતા તુરંત દોડી આવ્યા હતા અને પોલીસને જાણ કરી હતી.

દિવાળીના તહેવારોને લઈને નાગરિકો નાની-મોટી ખરીદી કરી રહ્યા છે ત્યારે ચોર ટોળકી પણ દિવાળીની ખરીદી કરતી હોય તેવું લાગી રહ્યું છે. ત્યારે મોડાસાની પ્રજા પોલીસ પાસે વધુ સલામતીની આશા રાખે છે. તહેવારોના સમયમાં પોલીસ પેટ્રોલીંગ વધારી તસ્કરોને સળિયા ગણાવે તેવી લોક માંગ ઉઠી છે.

ખેડબ્રહ્મામાં ત્રિદિવસીય શાસ્ત્રીજી મહારાજનો સાર્ધ શતાબ્દિ મહોત્સવ યોજાયો

ખેડબ્રહ્મા, તા.૧૨

ખેડબ્રહ્મામાં આવેલ બી.એ.પી.એસ. સ્વામિનારાયણ મંદિરમાં ત્રિદિવસીય શાસ્ત્રીજી મહારાજ સાર્ધ શતાબ્દિ મહોત્સવ યોજાઈ ગયો.

બી.એ.પી.એસ. સંચાલિત સ્વામિનારાયણ મંદિરમાં ખેડબ્રહ્મા ખાતે તા. ૯ થી ૧૨ ઓકટોબર દરમિયાન શાસ્ત્રીજી મહારાજ સાર્ધ શતાબ્દિ મહોત્સવ યોજવામાં આવ્યો હતો. ત્રિદિવસીય મહોત્સવમાં દરેક દિવસે અલગ અલગ કાર્યક્રમ યોજવામાં આવ્યા હતા. જેમાં નગર યાત્રા, ભજન સત્સંગના કાર્યક્રમ અને નાટક દ્વારા સ્વામિનારાયણ સંપ્રદાયની માહિતી આપવામાં આવી હતી.

શતાબ્દિ મહોત્સવમાં ગઢડાના જનમંગલ સ્વામીએ સત્સંગ કરતા જણાવ્યુંહતુંકે જીવનમાં રૂપિયો ભૌતિક સુખ આપી શકે છે પરંતુ શાંતિ સ્વભાવથી મળે છે. કુંભાર જેમ માટલામાં પત્થર નાંખી ગોળાકાર આકાર આપે છે તેમ સત્સંગ એક માટલું છે. સત્સંગથી જીવનમાં સિંચન થાયછે, ઘડતર થાય છે.આ પ્રસંગે મોટી સંખ્યામાં હરિભકતો જોડાયા હતા.

મોડાસામાં પૂ. જાગાસ્વામીની ૧૮૮મી જન્મજયંતિ ઉજવાઈ

અરવલ્લી જિલ્લાના મોડાસા ખાતે આજે મહામુક્ત પૂ. જાગા સ્વામીની ૧૮૮મી જન્મજયંતિ ઉજવવામાં આવી હતી. આ કાર્યક્રમનું આયોજન અક્ષર યુથ ક્લબ દ્વારા કોટિયર્ક હોલમાં કરવામાં આવ્યું હતું. સવંત ૧૮૮૩ માં જન્મેલા પૂ. જાગાસ્વામીની જન્મ જયંતિની ઉજવણીના આ કાર્યક્રમમાં જૂનાગઢથી સંત મોટા સ્વામીએ ભક્તોને ભજન કિર્તન કરાવ્યા હતા. અને પ્રાસંગિક પ્રવચન આપ્યું હતું. પૂ. જાગાસ્વામીએ અક્ષર પુરુષોત્તમ સ્વામિનારાયણ મહિમાનો ડંકો આખા વિશ્વમાં વગાડવામાં મહત્વની ભૂમિકા ભજવી હતી. આ કાર્યક્રમમાં અમદાવાદથી પણ સ્વામી ભક્તો હાજર રહ્યા હતા. આ કાર્યક્રમમાં આમંત્રિત મહેમાનોમાં પ્રવિણભાઈ કોટક અને અરવિંદભાઈ સોલંકીએ હાજર શ્રદ્ધાળુઓને પૂ. જાગાસ્વામીનો મહિમા અને જ્ઞાનનું રસપાન કરાવ્યું હતું. આ કાર્યક્રમમાં મોટી સંખ્યામાં શ્રદ્ધાળુઓએ જોડાઈ જ્ઞાનનો લાભ લીધો હતો. (તસવીર : સમીર બલોચ, મોડાસા)

મોડાસામાં ગુજરાતી કવિ સંમેલન યોજાયું

મોડાસા, તા. ૧૨

મોડાસાની શબ્દસેતુ સંસ્થા દ્વારા ભામાશા સાંસ્કૃતિક રંગમંચ ખાતે આજે ગુજરાતી કવિ સંમેલનનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કવિ સંમેલનમાં ગુજરાતના ખૂણે-ખૂણેથી કવિઓએ આવીને ભાગ લીધો હતો.

આ કવિ સંમેલનમાં ગુજરાતના ખ્યાતનામ કવિઓ જેવા કે ખલીલ ધનતેજવી, હર્ષ બ્રહ્મભટ્ટ, મણીલાલ પટેલ, ભરત વિંઝુડા, ગુલામ અબ્બાસ 'નાશાદ', દિનેશ ડાંગરે, ભરત ભટ્ટ, અનિલ ચાવડા, ભાવેશ ભટ્ટ, કનૈયાલાલ ભટ્ટ, પ્રભુ પહાડપુરી, અરવિંદ ગજ્જર, સલિમ શેખ, માસુમ મોડાસવી અને મંચ સચિવ મિલીન્દ ગઢવીએ તમામ શ્રોતાઓને તેમની કવિતાઓમાં રસતરબોળ કરી દીધા હતા. આ કાર્યક્રમમાં અરવલ્લી જિલ્લાના કલેક્ટર બી.જે. ભટ્ટ, નવીનભાઈ મોદી, બિપીનભાઈ શાહ, છગનભાઈ પટેલ, નિલેશ જોષી વગેરેએ દીપ પ્રાગટ્ય દ્વારા કવિસંમેલનને ખુલ્લુ મુક્યુ હતુ. આ કાર્યક્રમનું સંચાલન શબ્દસેતુના પ્રમુખ જીજ્ઞેશ સુથાર અને પ્રોજેક્ટ કન્વીનર સંતોષ દેવકર તેમજ માસુમ મોડાસવીએ સંભાળ્યું હતું.

દિવાળી નજીક આવી રહી છે પરંતુ ચાલી રહેલી મંદીને કારણે બજારમાં બરોબર ખરીદીનો માહોલ જામતો નથી ત્યારે શહેરમાં મકાન અને દુકાનનું કલર કામ કરતા ઉત્તર પ્રદેશના કારીગરોને દિવાળી નજીક આવી હોવા છતાં કામ નહીં મળતા નવરાધુપ બેસી રહેવું પડે છે. જો કે દિવાળી પૂર્વે કલરકામ કરતા કારીગરોને જમવાનો પણ ટાઈમ મળતો નહોતો પરંતુ આ વખતે મંદીને કારણે કારીગરો કલરની દુકાન આગળ કામની તલાશમાં બેઠેલા નજરે પડે છે. (તસવીર : કાંતિલાલ લોધા)

કાંકરીયામાં રોમાંચક રાઈડ્સ ટૂંકમાં શરૂ

અમદાવાદ શહેરમાં પણ હવે ડિઝનીલેન્ડની રાઈડ્સ તૈયાર કરવામાં આવી રહી છે. આ પ્રક્રિયા અંતિમ તબક્કામાં પહોંચી ચુકી છે. ધનતેરસના દિવસથી આની શરૂઆત થશે. વિવિધ આકર્ષણો તબક્કાવારરીતે ઉમેરવામાં આવ્યા છે. મુખ્ય આકર્ષણો નીચે મુજબ છે.

ફેમિલી બુમરેંગ રોલર કોસ્ટર

નેધરલેન્ડથી આયાત કરાયેલી આ રાઈડ ૧૮૫ મીટર લાંબી, ૨૦ મીટર ઉંચી અને પ્રતિકલાકે ૬૦ કિમીની ઝડપે દોડશે, જેમાં ૧૦ ડબ્બાવાળી એક ટ્રેન રિવર્સમાં પણ ફરશે. દેશભરમાં રિવર્સ અને ફોરવર્ડ ફરનારી આ પ્રથમ રોલર કોસ્ટર ટ્રેન હશે. કુલ ૨૦ સહેલાણી એક વખતમાં ટ્રેનનો આનંદ માણી શકશે. આ રાઈડની ફી સહેલાણીદીઠ રૂપિયા ૨૦૦ રખાશે.

કેરોઝલ

ઈટાલીથી ભૂલકાંઓ માટે મંગાવાયેલી કેરોઝલ રાઈડમાં ૪૮ બેઠકની વ્યવસ્થા છે. સાડા અગિયાર મીટર પહોળી અને સાડા સાત મીટર ઉંચી આ રાઈડ દર મિનિટે ત્રણ રાઉન્ડ લેશે. આને લઈને પણ નાના બાળકો અને મોટી વયના લોકોને મજા પડી જાય તેમ માનવામાં આવે છે.

મેગા ડિસ્ક ઓ

આ રાઈડ પણ ઈટાલીથી મંગાવાઈ છે. રાઈડમાં ૨૪ બેઠકની વ્યવસ્થા કરાઈ છે, જેની પહોળાઈ ૧૦ મીટર લંબાઈ ૩૭.૫ મીટર અને ઉંચાઈ ૧૪.૬ મીટરની છે. જે દર મિનિટે ૨થી ચાર રાઉન્ડ લેશે. મેગા ડિસ્ક ઓને લઈને સામાન્ય લોકોમાં ભારે ચર્ચા છે. ઈટાલીથી તેને અમદાવાદ શહેરમાં લાવવામાં આવ્યા બાદ તેની પણ મજા માણી શકાશે.

ફ્લિપિંગ એક્શન આર્મ

૧ ૩મી ઊંચી અને ૧૨ બેઠક વ્યવસ્થા ધરાવતી ઈટાલીની આ રાઈડમાં ત્રણ ઝુલા હશે. આમા એક સાથે ૧૨થી વધુ લોકો બેસી શકશે. જો કે, આમા નાના બાળકોને લઈને કેટલીક સાવચેતી અને શરતો પણ રહેશે.

એમ્યુઝમેન્ટ પાર્ક-૨ માટે પણ ચક્રો ગતિમાન કરાશે

કાંકરિયા લેક ફ્રન્ટમાં અત્યારે એમ્યુઝમેન્ટ પાર્ક-૧ તૈયાર કરાયો છે. ભવિષ્યમાં વધુ રિક્રિએશન એક્ટિવિટી માટે શહેરના શાસકો એમ્યુઝમેન્ટ પાર્ક-૨ પણ ઉભો કરવા જઈ રહ્યા છે.

સાત કરોડની છ રાઈડ ડિઝનીલેન્ડની મોજ કરાવશે

ખાનગી કંપની દ્વારા એમ્યુઝમેન્ટ પાર્ક-૧ માં સાત કરોડની છ રાઈડ ઉભી કરાઈ છે. આ તમામ રાઈડ અમદાવાદીઓને ડિઝનીલેન્ડની મોજ કરાવશે.

કાંકરિયા એમ્યુઝમેન્ટ પાર્કમાં રાઈડ્સ ધનતેરસથી શરૂ કરાશે

અમદાવાદ, તા. ૧૨

કાંકરિયામાં અમદાવાદ શહેરમાં લોકો હવે વિદેશ જેવી રાઇડ્સની મજા માણી શકશે. ડિઝનીલેન્ડની રાઇડ્સની શરૂઆત ધનતેરસના દિવસથી કરવા નિર્ણય લેવામાં આવી ચુક્યો છે. કાંકરિયા એમ્યુઝમેન્ટ પાર્કમાં રોચક અને આકર્ષક રાઇડ્સની ધનતેરસની ધૂમ રહેશે જેમાં ફેમિલી બૂમરેંગ રોલર કોસ્ટર, કેરોઝલ, મેગા ડિસ્ક ઓ, ફ્લિપિંગ એક્શન આર્મ, મેગા ડ્રોપ, ડિઝનીલેન્ડની મોજ કરાવતી રાઇડ્સનો સમાવેશ થાય છે.

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના સત્તાધીશો દ્વારા કાંકરિયા લેક, વસ્ત્રાપુર લેકમાં એમ્યુઝમેન્ટ પાર્ક બનાવવામાં આવ્યા છે. જેમાં કાંકરિયા એમ્યુઝમેન્ટ પાર્કમાં રાઇડ્સ ધનતેરસથી શરૂ કરવામાં આવશે. બાકી વસ્ત્રાપુર લેકનો એમ્યુઝમેન્ટ પાર્ક આગામી થોડાક દિવસોમાં ચાલુ કરવામાં આવશે તેવું ભાજપના સત્તાધીશોએ જણાવ્યું હતું. કાંકરિયા લેક ફ્રન્ટના એમ્યુઝમેન્ટ પાર્ક-૧માં કુલ છ રાઇડ્સની વ્યવસ્થા કરવામાં આવી છે. એમ્યુઝમેન્ટ પાર્કના પ્રોજેક્ટની કિંમત ૩૦ કરોડની છે. મ્યુનિસિપલ ભાજપના નેતા મયુર દવેએ જણાવ્યું હતું કે, કાંકરિયા લેક ફ્રન્ટ ડેવલપમેન્ટ પ્રોજેક્ટ હેઠળ અમદાવાદીઓ માટે વિવિધ આકર્ષણો તબક્કાવાર ઉમેરવામાં આવ્યા છે. આ એમ્યુઝમેન્ટ પાર્કમાં લોકો ઘરઆંગણે વિદેશની રાઇડ્સની મજા માણી શકશે. કુલ છ રાઇડ્સ એમ્યુઝમેન્ટ પાર્કમાં મુકાઈ છે. આ તમામ રાઇડ્સનું ટેસ્ટિંગ પણ સફળતાપૂર્વક થઇ રહ્યું છે. નગીનાવાડીના ગેટથી બાલવાટિકા ગેટની વચ્ચે ખાસ એમ્યુઝમેન્ટ ગેટ સહેલાણીઓ માટે ઉભો કરવામાં આવ્યો છે. ખાનગી કંપની દ્વારા એમ્યુઝમેન્ટ પાર્ક-૧માં કુલ સાત કરોડની છ રાઇડ ઉભી કરવામાં આવી છે. આ તમામ રાઇડ શહેરીજનોને ડિઝનીલેન્ડની મજા કરાવશે. જેમાં ફેમિલી બૂમરેંગ રોલર કોસ્ટર નામની રાઇડ નેધરલેન્ડથી મંગાવાઈ છે જેની ફી ૨૦૦ રૂપિયા રાખવામાં આવશે તેમજ કેરોઝલ, મેગા ડિસ્ક ઓ, ફ્લિપિંગ એક્શન આર્મ અને મેગા ડ્રોપ આ ચાર રાઇડ ઇટાલીથી મંગાવવામાં આવી છે.

આપના શહેરમાં ૧૦૦૦ સ્કે. ફીટનો એ.સી. શો-રૂમ જેમાં છે...

સિરામિક વોલ ટાઈલ્સ ● વીટ્રીફાઈડ ટાઈલ્સ ● સિરામિક ફ્લોર ટાઈલ્સ ● એક્વાઆર્ટ ● વોલ ક્લેડીંગ ● માર્બલ સ્ટોન અને ક્વાર્ટઝ્ તેમજ વિવિધ પેટર્ન્સ અને કોમ્બીનેશન્સની વિશાળ શ્રેણી

એક્સક્લુસિવ શો-રૂમ
AGL Radhe
TILES WORLD ENTERPRISE

પહેલે માળ, ૧૦૧, ૧૦૨, ૧૦૩, જય યોગેશ્વર કોમ્પલેક્સ, સિટી પ્લસ સિનેમા પાસે, કુડાસણ બસ સ્ટોપની સામે, ગાંધીનગર - કોબા હાઈવે, ગાંધીનગર. મોબાઈલ : ૯૪૨૬૫ ૧૩૬૦૧

ટાટા મોટર્સની ઓથોરાઈઝ ડીલર
મોર્ડન મોટર્સ
ગુજરાત સરકાર માન્ય
ISO-9001:2008 COMPANY
સુવિધાઓ...
(૧) કોમ્પ્યુટરાઈઝ્ડ વ્હીલ એલાયમેન્ટ બેલેન્સીંગ
(૨) સર્વિસ ગ્રીસીંગ
(૩) મીકેનીકલ રીપેરીંગ
(૪) ઓટો ઈલેક્ટ્રીકલ કામ
(૫) બોડી-કલર કામ (૬) જેન્યુન સ્પેર પાર્ટ
(૭) ટાટા કંપનીના તમામ વાહનોનું રીપેરીંગ કામ સંતોષકારક કરી આપનાર
ઓથોરાઈઝ્ડ ડીલર : બ્રીજસ્ટોન, જે.કે. ટાયર-ટ્યુબ, એક્સાઈડ બેટરી, હીન્દુસ્તાન મોટર્સ લી.
ઓથોરાઈઝ્ડ સર્વિસ ડીલર
TATA
ઓથોરાઈઝ્ડ ડીલર
Castrol
EXIDE INDUSTRIES LIMITED
BRIDGESTONE PASSION for EXCELLENCE
JK TYRE
પ્લોટ નં. ૪૦૩, જી.આઈ.ડી.સી., સેક્ટર-૨૮, કામા મોટર્સની બાજુમાં, ગાંધીનગર-૩૮૨ ૦૨૮
ફોન. : (ઓ) ૦૭૯-૨૩૨૧૧૪૮૫, ફેક્સ : (૦૭૯) ૨૩૨૧૨૬૪૦
મો. : ૯૮૨૫૨ ૬૨૨૯૧, ૯૯૦૪૦ ૪૪૭૦૦